# નિફ્ટમાં ફી વધારા સામે વિદ્યાર્થી હડતાલ



## જ્યાં સુધી ફી વધારો પાછો નહીં ખેંચાય ત્યાં સુધી ક્લાસ ભરીશુ નહી : વિદ્યાર્થીઓ કોલેજ બહાર સૂત્રોચ્ચાર અને દેખાવો : ૪૨ ટકા ફી વધારો કરી દેવાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ખાતે સ્થિત નિફ્ટ (નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી) દ્વારા એકાએક ફીમાં ૪૨ ટકા થી વધુનો વધારો ઝીંકી દેવાતા આજથી નિફ્ટના વિદ્યાર્થીઓ હડતાલ પર ઉતરી ગયા છે. કોલેજના ગેટ બહાર વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર તથા દેખાવો કરીનેફી વધારાનેપાછો ખેંચવા રજુઆત કરી હતી જો કે સત્તાવાળાઓ દ્વારા આ બાબતે હજુ સુધી કોઈ નિર્ણય ન લેવાતા જ્યાં સુધી ફી વધારો પાછો નહીં ખેંચાય ત્યાં સુધી કોલેજ સમયે વિદ્યાર્થીઓ ક્લાસ એટેન્ડ કરશે નહી અને ગેટ પાસે દેખાવો કરશે તેમ વિદ્યાર્થી યુનિયને જણાવ્યું છે.

નેસનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (નિફ્ટ)ની ગાંધીનગર સહિત ન્યુ દિલ્હી, હૈદ્રાબાદ તથા ચૈન્નાઈ તમામ કોલેજોમાં એકાએક ૪૨ ટકા થી વધુ ફી વધારો કરી દેવાતા વિદ્યાર્થીઓ સ્ટ્રાઈક પર ઉતરી ગયા છે. અગાઉ જે ટ્યુશન ફી રૂ. ૪૦ હજાર સેમેસ્ટર દીઠ હતી તે વધારીને હવે રૂ. ૫૫ હજાર કરી દેવામાં આવી છે. એટલે કે વર્ષે ૩૦ હજારનો વધારો ઝીંકી દેવાયો છે. તે ઉપરાંત લાયબ્રેરી ફી ૨ હજારથી બમણી વધારીને ૪ હજાર કરી દેવાઈ છે. આ સિવાય મેડીક્લેઈમ અને પરીક્ષા ફીમાં પણ વધારો ઝીંકી દેવાતા નિફ્ટના વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા અને આજે સવારથી કોલેજના ગેટ બહાર દેખાવો અને સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ બાબતે કોલેજ સત્તાવાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને મળી બેઠક કરવાની તસ્દી પણ લેવામાં આવી ન હતી. હજુ સુધી ફી વધારો પાછો ખેંચવા સંદર્ભે કોઈ નક્કર નિર્ણય ન લેવાતા વિદ્યાર્થીઓએ દરરોજ જ્યાં સુધી ફી વધારો પાછો નહીં ખેંચાય ત્યાં સુધી ક્લાસ નહી ભરીને તે સમયે કોલેજ ગેટ બહાર સૂત્રોચ્ચાર કરવાનો નિર્ણય લઈ સ્ટ્રાઈક ચાલુ રાખી છે.

# છ-૬ સર્કલને અક્ષરધામ દ્વારા નવા રૂપરંગ અપાશે

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં સે-૩૦ પાસે સ્થિત છ-૬ સર્કલને અક્ષરધામ દ્વારા વિકસાવવામાં આવશે. તંત્ર કક્ષાએથી સર્કલ વિકાસની દરખાસ્તને મંજુરી આપી તેને વિકસાવવા સંસ્થાને જવાબદારી સોંપી છે. સર્કલ ફરતે રેલીંગ બનાવી વચાળે લેન્ડ સ્કેપીંગ પણ કરવામાં આવશે.

## રેલીંગ, લેન્ડ સ્કેપીંગ અને ધાર્મિક પ્રતિકૃતિનું નિર્માણ કરાશે

શહેરના મુખ્ય માર્ગો પર અસ્તિત્વ ધરાવતા સર્કલોને વિકસાવવાની યોજના અન્વયે તંત્ર દ્વારા સમયાંતરે સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવે છે. શહેરના ૨૬ સર્કલો પૈકી ૨૦ સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવવામાં આવ્યા છે જયારે બાકી રહેલા અન્ય સર્કલો માટે પણ અન્ય સંસ્થાઓને જવાબદારી સોંપવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેના આધારે બાકીના સર્કલોને પણ વિવિધ થીમ મુજબ વિકસાવવામાં આવનાર છે. મુખ્યમાર્ગોની ઓળખ બની ગયેલા સર્કલોને નવારૂપરંગ આપવા સંસ્થાઓનો કોન્ટ્રાકટ રીન્યુ પણ કરી દેવાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બાકી રહેલા સર્કલોને વિકસાવવા પણ ઝડપભેર કામ પૂર્ણ કરવામાં આવશે. શહેરમાં સે-૩૦ નજીક સ્થિત છ-૬ સર્કલને વિકસાવવા પણ કામ સોંપી દેવાયું છે. અક્ષરધામ દ્વારા સર્કલ ફરતે રેલીંગ બનાવી વચાળે આકર્ષણ ઉભું કરવામાં આવશે. સર્કલ વચ્ચેના ભાગમાં લેન્ડ સ્કેપીંગ કરી ધાર્મિક પ્રતિકૃતિ ઉભી કરાશે. છ-૬ સર્કલ વિકસાવવાનું કામ ટૂંકમાં પૂર્ણ કરી દેવાશે.


# બાલોદ્યાનના તળાવનો નઝારો બદલાશે : સાત નવી બોટ તરતી મુકાશે

## બાલાસિનોરથી બોટ આવી ગઈ છે : ભૂલકાઓનું વેકેશન સુધરશે : મીની ટ્રેઈન બાદ તળાવની રોનક નિખરશે

ગાંધીનગર, તા.૧૪

સે-૨૮ બાલોદ્યાનમાં સ્થિત તળાવમાં નવી ૭ બોટ તરતી મુકવામાં આવશે. તંત્ર દ્વારા સહેલાણીઓ માટે બાલાસિનોરથી બોટ ખરીદવામાં આવી છે. આગામી વેકેશનના દિવસોમાં બાલોદ્યાનનો નઝારો બદલાઈ જશે. તળાવમાં ૬ પેડલ બોટ ઉપરાંત એક હલેસા બોટ તરતી મુકાશે.

નગરના બાલોદ્યાનની રોનક નિખારવા તંત્ર દ્વારા તબક્કાવાર નવા કામો હાથ ધરવામાં આવે છે. અગાઉ વર્ષો બાદ બાલોદ્યાનમાં ભૂલકાંઓની છુકછુક ગાડીને ગ્રીન સિગ્નલ અપાતા ઉદ્યાનમાં રોનક નિખરી ઉઠી છે. મીની ટ્રેઈનના એન્જિન ટ્રેક અને પ્લેટફોર્મના નવીનીકરણ બાદ ભૂલકાઓમાં હર્ષની લાગણી વ્યાપી છે. એક સમયે આગવા આકર્ષણનું કેન્દ્ર બનેલા બાલોદ્યાનની યોગ્ય જાળવણી ન થતા ઉદ્યાન મરણપથારીએ હોવાનું કંગાળ ચિત્ર ઉપસી આવ્યું હતું. પરંતુ છેલ્લા બે વર્ષ દરમિયાન ઉદ્યાનને મરણપથારીએથી બેઠો કરવા તંત્ર દ્વારા તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યું છે. મીની ટ્રેઈન શરૂ કરાયા બાદ બાગાયત તંત્ર દ્વારા હરિયાળી લોન તેમજ પ્લાન્ટેશનનું કામ પણ હાથ ધરવામાં આવ્યું હતું. એક બાજુ બાલોદ્યાનમાં સ્થિત તળાવનું રીનોવેશન હાથ ધરવા વિભાગ કક્ષાએ રજૂ થયેલી દરખાસ્ત હજુ પડતર છે. પરંતુ તળાવની રોનક નિખારવા તંત્ર દ્વારા નવતર આયોજન કરી દેવાયું છે. બાલોદ્યાનના તળાવની સાફસફાઈ કરી દેવાયા બાદ હાલ પાણી સપ્લાય કરવાની વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. જયારે તળાવનો નઝારો પણ બદલવા તંત્ર દ્વારા નવી ૭ બોટ ખરીદવામાં આવી છે. અંદાજિત રૂ. ૪.૫૦ લાખના ખર્ચે નવી ૭ બોટ ખરીદવામાં આવી છે. બાલાસિનોરથી આવેલી આ પેડલ અને હલેસા બોટ ટૂંકમાં જ બાલોદ્યાનના તળાવમાં તરતી મુકાશે. તળાવના ૬ હજાર સ્કવેરમીટર વોટરબોડીમાં સહેલાણીઓ માટે નવી બોટ નઝારારૂપ બનશે. જયારે સલામતીને ધ્યાને લઈ મશીન બોટનો નિર્ણય પડતો મુકાયો છે. વેકેશનના દિવસો નજીકમાં છે ત્યારે ભૂલકાઓ માટે બાલોદ્યાન આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.



## સાંભળ્યુ છે કે...

.... ઘ-૩ સર્કલના ટ્રાફિક સિગ્નલ ઉંધા લગાવાયા છે હવે, બદલવાની કામગીરી આરંભાઈ છે....

.... રાજેશ ખન્નાની ફિલ્મોના યાદગાર ગીતોનો કાર્યક્રમ ૨૩મી માર્ચે ટાઉનહોલમાં શિવરંજની દ્વારા યોજાઈ રહ્યો છે.

.... વિધાનસભાનું કવરેજ કરતા પત્રકારોએ સ્વખર્ચે દાળ-ભાત-શાક-ફુલવડી-લાડુનું પરંપરાગત ભોજન માણ્યું હતું....

.... ટાઉનહૉલમાં પડદો ગૂમ થયો છે. છેલ્લા દસ દિવસથી નાટક કે નૃત્યના કાર્યક્રમ સમયે પડદો ચાલુ-બંધ થવાની વાત તો એકબાજુએ રહી કોણ જાણે કેમ પડદો જ હટાવાઈ લેવાયો છે...

.... ગાંધીનગરમાં એકાદ-બે દિવસમાં કેરીનું આગમન થઈ રહ્યું છે. શરૂઆતમાં હાફુસ, વલસાડી અને કેસર કેરીનો સ્વાદ શક્ય બનશે...

.... ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ઈન્સ્પેક્શનના પગલે મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં ૨૦ જેટલા ક્ષતિઓ તંત્રના ધ્યાને આવી હતી.

# સેલટેક્ષ ઓફિસ મહેસાણા ખસેડવાની હીલચાલ : વેપારીઓમાં આક્રોશ

## ટેક્ષ પેયર્સ વેપારીઓનું મોં વંકાયું : કચેરીનું સ્થળાંતર ન કરવા સૂર ઉઠયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં સ્થિત સેલ ટેક્ષ (વેટ) કચેરીને મહેસાણા ખસેડવાની હીલચાલના પગલે સ્થાનિક વેપારીઓ મુંઝવણમાં મુકાયા છે. ટક્ષે-પે કરતા વેપારીઓનું મોં વંકાયું છે. શહેરમાં વેચાણવેરો ભરપાઈ કરતા અગ્રણી વેપારીઓની સંખ્યા વિશેષ છે આવા સંજોગોમાં સેલટેક્ષ કચેરીનું સ્થળાંતર ન થાય તેવી પ્રબળ માંગણી અને લાગણી પ્રવર્તી છે.

કર્મચારીનગરી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં છેલ્લા એક દાયકાથી વેપાર-વાણિજયનો વ્યાપ વધતા શહેરમાં બિઝનેસ ટ્રેન્ડ કેળવાયો છે. હાઈટેક વિકાસની સાથે વસતીનો વ્યાપ વધતા ધંધા-રોજગારના નવા સ્થાનકો ઉભા થઈ રહ્યા છે. આવા સંજોગોમાં શહેરમાં સ્થિત સેલટેક્ષ કચેરી મહેસાણા ખસેડવાની હીલચાલ થતા નગરના વેપારીઓનું મોં વંકાયું છે. હાલ નગરમાં સ્થિત સેલટેક્ષ ઓફિસની રેન્જમાં ઉતર ગુજરાતના શહેરોનો પણ સમાવેશ થતો હોવાથી ટેક્ષ સંબંધિત મોટાભાગની કામગીરી અહીંથી જ થાય છે. બીજી તરફ શહેરમાં સ્થાનિક કક્ષાએ જ સેલટેક્ષની કચેરી હોવાથી વેપારીઓને પણ સરળતા રહે છે. આવા સંજોગોમાં સે-૧૦ સ્થિત સેલટેક્ષ કચેરીને મહેસાણા ખસેડવાની હીલચાલ થતા નગરજનોમાં નારાજગી પ્રવર્તી છે. સેલટેક્ષ કચેરીનું મહેસાણા સ્થળાંતર થાય તો સ્થાનિક ટેક્ષ પેયર્સ માટે શિરદર્દ ઉભો થાય તેવી સંભાવના છે. સાથો સાથ કામગીરીને પણ વિપરિત અસર પડે તેવો સૂર પણ ઉઠવા પામ્યો છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ આ નિર્ણય પડતો મુકવામાં આવે તેવી લોકલાગણી અને માંગણી પ્રબળ બની છે.

# કોલવડા ગામે અદ્યતન આયુર્વેદ કોલેજનું બાંધકામ મે મહિનામાં પૂર્ણ થશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક કોલવડા ગામે નિર્માણ પામી રહેલ અદ્યતન આયુર્વેદ કોલેજનું બાંધકામ મે-૨૦૧૩માં પૂર્ણ થશે તેમ રાજ્યના આરોગ્યમંત્રી શ્રી નીતિન પટેલે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં જણાવ્યું છે.

કોંગીના શ્રી મણીભાઈ વાઘેલાએ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૦માં આ કોલેજ નિર્માણ માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માટે ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં જરૂરી નામાંકીય જોગવાઈ પણ કરવામાં આવી હતી.

૧૫ એકર વિસ્તારમાં આકાર પામી રહેલ આ આયુર્વેદ કોલેજ રાજ્યની મોડેલ આયુર્વેદ કોલેજ બનશે. આ અંગેની કામગીરી હાલ તેના અંતિમ તબક્કામાં છે. આ કોલેજના નિર્માણ પાછળ ૩૧-૧૨-૧૨ સુધીમાં રૂ. ૮૦ કરોડ જેટલો ખર્ચ પણ થઈ ચુક્યો છે.

આયુર્વેદ તંત્રના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અહિ ૧૫ જેટલા વિભાગો શરૂ કરવાનું આયોજન હાલ વિચારાયું છે.

રાજયના આરોગ્ય મંત્રીશ્રી નીતિન પટેલે આજે રાજ્ય વિધાનસભામાં લેખિત પ્રશ્નના ઉત્તરમાં એમ પણ જણાવ્યું છે કે મે-૨૦૧૩માં બાંધકામ પૂર્ણ થયા બાદ સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયન મેડીસીન નવી દિલ્હીના ઈન્સ્પેક્શન માટે તેમજ તેબાદ ડીપાર્ટમેન્ટ ઓફ આયુષ ભારત સરકારની મંજૂરી માટે વિધિવત દરખાસ્ત રજુ કરવામાં આવશે. ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારને નોલેજ કોરીડોર તરીકે સરકાર ડેવલપ કરી રહી છે. હવે એક વર્ષમાં આયુર્વેદ કોલેજ પણ કાર્યાન્વીત થતાં જિલ્લામાં મેડીકલ અને પેરામેડીકલ કોલેજોનો સીધો લાભ જિલ્લાને મળતો થશે.

# ગાંધીનગર ખાતે ૧૭મીએ પ્રદેશ ભાજપની બેઠક

ગાંધીનગર, તા.૧૪

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ભારતીય જનતા પાર્ટીની ચાલી રહેલી સંગઠન સંરચનાના કાર્યની સમીક્ષા અને માર્ગદર્શન માટે ભાજપાની પ્રદેશ બેઠક સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર ખાતે તા.૧૭ માર્ચના રોજ પ્રદેશ પ્રમુખ શ્રી આર.સ. ફળદુની અધ્યક્ષતામાં મળશે. આ બેઠકમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. પ્રદેશ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના ૬ એપ્રિલના સ્થાપના દિવસના કાર્યક્રમોને તેમજ સંગઠન સંરચનાના આગામી કાર્યક્રમને પણ આખરી ઓપ આપવામાં આવશે.

પ્રદેશ બેઠકમાં ભાજપાના પ્રદેશ હોદ્દેદારો, મોરચાઓના પ્રદેશ પ્રમુખશ્રીઓ, સંગઠન પર્વના પ્રદેશ ઈન્ચાર્જ અને ઝોન ઈન્ચાર્જ, જિલ્લા ઈન્ચાર્જ (પ્રભારી) જિલ્લા પ્રમુખ મહામંત્રીશ્રીઓ, જિલ્લા સંરચના નિરીક્ષકશ્રી અને જિલ્લા સંરચના અધિકારીશ્રી ઉપસ્થિત રહેશે.





ફ્લેટ ભાડે આપવાનો છે
સાયોના હાઈટ્સ, ડી-૫૦૧
મો. : ૭૬૦૦૭૮૦૬૦૪
ખ-૦ થી ખ-૧ વચ્ચે રોડ ટચ, ગાંધીનગર




TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com